# જિલ્લા પંચાયતના ૨૮મા પ્રમુખ તરીકે મંગુબેન પટેલની વરણી

## ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ નિમાયા : બન્ને હોદ્દેદારોની સામાન્ય સભાએ સર્વાનુમતે વરણી કરી : પાંચ મિનિટમાં સામાન્ય સભા સંપન્ન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ ખાસ સામાન્ય સભામાં પંચાયતના નવા પ્રમુખ તરીકે શ્રીમતિ મંગુબેન છનાભાઈ પટેલ (ચૌધરી) અને ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ બળદેવભાઈ પટેલને બિનહરિફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. શ્રીમતિ પટેલ જિલ્લા પંચાયતના ૨૮મા પ્રમુખ બન્યા છે.

અધ્યાશી અધિકારી વ જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાના અધ્યક્ષપદે આજે પંચાયતના સરદાર હોલમાં પંચાયતની સામાન્ય સભા મળી હતી. જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ સભ્યો તેમજ અધ્યાશી અધિકારી વ કલેક્ટરશ્રીને આવકારી સામાન્ય સભામાં સ્વાગત પ્રવચન કર્યુ હતુ.

આ પછી અધ્યાશી અધિકારી એસ.કે. લાંગાએ ગઈકાલે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે મળેલ ઉમેદવારી પત્રો તેમજ ચકાસણીને અંતે બાકી રહેલા ઉમેદવારોની ઘોષણા કરતાં જણાવ્યુ હતુ કે માત્ર ૧ ફોર્મ પ્રમુખ તરીકે મંગુબેન પટેલ અને ઉપ પ્રમુખ તરીકે ભરતભાઈ પટેલને વિના વિરોધે ચૂંટાયેલા જાહેર કર્યા હતા.

જિલ્લા કલેક્ટરશ્રીએ આ પછી વિજેતા બનેલા બન્ને ઉમેદવારોને ફૂલનુ બુકે આપી સન્માનિત કર્યા તેમજ સભાની આજની કામગીરી સંપન્ન થયાની જાહેરાત કરી હતી.




જિલ્લા પંચાયતના સાતમા મહિલા પ્રમુખ મંગુબેન પટેલ (ચૌધરી) બન્યા છે. જિલ્લા પંચાયતમાં તેમને વિજેતા જાહેર કરાયા બાદ તેમના સમર્થકોએ ભારે આતશબાજી અને ગુલાલ ઉડાડી તેમજ પુષ્પમાળા પહેરાવી અભિનંદન વર્ષાની હેલી કરી દીધી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં છેલ્લા અઢી વર્ષ દરમ્યાન કોંગ્રેસ દ્વારા ખાસ સામાન્ય સભાઓ યોજવાનો એક અનોખો વિક્રમ પણ વિદાય લેતા પ્રમુખ રામાજી ઠાકોરે નોંધાવ્યો છે.

## જિલ્લા પંચાયતના સાતમા મહિલા પ્રમુખે સરપંચપદથી કારકિર્દી આરંભી હતી...

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના ૨૮મા પ્રમુખ તરીકે આજે શ્રીમતિ મંગુબેન છનાભાઈ પટેલ (ચૌધરી)ની સર્વાનુમતે વરણી થઈ છે.

જિલ્લા પંચાયતના તેઓ સાતમા મહિલા પ્રમુખ બન્યા છે. આ પહેલાં સૌ પ્રથમ મહિલા પ્રમુખ આનંદીબેન પટેલ ૧૯૯૫માં બન્યા હતા. આ પછી ૯૭માં શ્રીમતિ સરોજબેન ઠાકોર પ્રમુખ બન્યા હતા. ત્રીજા મહિલા પ્રમુખ સીતાબેન પટેલ ૧૯૯૯માં બન્યા હતા. આ પછી ૨૦૧૦માં મંગીબેન દિલીપભાઈ પટેલ પ્રમુખ બન્યા હતા. ૨૦૧૩માં ભીખીબેન ઠાકોરે ઈન્ચાર્જ પ્રમુખ તરીકે ત્રણ મહિના કાર્યભાર સંભાળ્યો હતો. ત્યારબાદ કોંગ્રેસના હીનાબેન પટેલે પણ બે વર્ષ પ્રમુખપદ સંભાળ્યું હતું.

હવે સાતમા મહિલા પ્રમુખ તરીકે મંગુબેન છનાભાઈ પટેલની આજે વરણી થઈ છે.

સૌથી નોંધનીય ઘટના એ છે કે પાંચ મહિલા પ્રમુખો ગાંધીનગર તાલુકામાંથી બન્યા છે. જેમાં પણ ચાર મહિલા પ્રમુખો ગાંધીનગર (દ) વિધાનસભા મત વિસ્તારમાંથી બન્યા છે.

છાલા એક માત્ર જિલ્લા પંચાયતની એવી બેઠક છે જ્યાંથી બે મહિલા પ્રમુખ જિલ્લાને મળેલ છે. આ બન્ને મહિલા પ્રમુખો સગપણમાં બહેનો થાય છે.

મંગુબેન પટેલે સરપંચ પદના જંગમાં વિજયી થઈ ગામને સફળ નેતૃત્વ પુરૂ પાડ્યા બાદ તાલુકા પંચાયતના સભ્યપદે પણ ચૂંટાઈ આવ્યા હતા. જ્યાં પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન અનેકવિધ વિકાસકામો કરતાં ૨૦૧૫માં તેમણે જિલ્લા પંચાયતના જંગમાં ઝુકાવ્યુ હતુ અને પૂર્વ પ્રમુખને પરાજય આપી ૮૦૦થી વધુ મતે વિજય પ્રાપ્ત કર્યો હતો.

## હા... સાહેબ !




''ખુલ્લે આમ ચાલે છે બધુ ખુલ્લે આમ..!''

''શું થયું સાહેબ પાછુ ? શાની વાત કરો છો ?''

''સાંભળ્યુ નહિ તમે ? આ તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોમાં તોડફોડ પરાકાષ્ટાએ પહોંચી છે. ક્યાંક રૂપિયા તો ક્યાંક લાલસા, ક્યાંક ધાકધમકી, તો ક્યાંક સામાજીક દબાણો...''

''હા સાહેબ હા... આ દૂષણ આજનું ક્યાં છે ? અને એમાં તો કોઈનેય વખાણવા જેવા નથી. કાગડા કાશી સુધી કાળા જ છે...''

''હા, એ બધી વાત સાચી. આટલી હદે નહિ. ખુલ્લેઆમ બંને પક્ષો ખેંચમ્તાણ કરે છે. સત્તાની હરાજી થઈ રહી છે, મૂલ્યોના લીરેલીરા ઉડી રહ્યા છે. ખબર નહિ ક્યાં અટકશે... ક્યાં લઈ જઈ રહ્યા છીએ આપણી લોકશાહીને...''

''સાહેબ આટલુ બધુ ટેન્શન ના કરો. તમારી વાત સો ટકા સાચી છે. કે માણસો વેચાય છે, માણસોના મત વેચાય છે, વિચારધારા વેચાય છે, ચૂંટણીઓનો કોઈ અર્થ જ નથી...''

''વાત સાચી છે. પણ કોઈ જાગતુ જ નથી, કોઈ બોલતુ જ નથી, કોઈને કોઈ ચિંતા જ નથી ? એનું ટેન્શન છે. ખોટુ થાય છે એના ટેન્શન કરતા ખોટુ કોઈ અટકાવતુ નથી એનુ ટેન્શન વધારે સતાવે છે.''

''ઓ...હો...હો...હો... ભારે કરી સાહેબ. છેક વાતને મૂળ સુધી લઈ ગયા. આ તો રાજકારણ છે. ચાલ્યા કરે... ચર્ચિલે પણ કહ્યુ જ હતુ ને 'ઈન વોર એન્ડ પોલીટીક્સ એવરીથીંગ ઈઝ ફેર.''

''ના...ના...ના... આ તો બધા આશ્વાસનો છે. જીવન અંગત હોય કે જાહેર, મૂલ્ય આધારિત હોવુ જોઈએ. પશુ, પ્રાણીઓ અને માણસની વચ્ચે કોઈ તફાવત તો હોવો જોઈએ કે નહિ..?''

''હોવો જ જોઈએ, હોવો જ જોઈએ. સો ટકાની વાત છે તમારી. પણ શરૂઆત ક્યાંથી થાય ? કોણ કરે ? ક્યારે થશે ?''

''હં... સાહેબ થાગડ થીગડ નહિ ચાલે હવે. સમૂળી ક્રાંતિની આવશ્યકતા છે. સમૂળી ક્રાંતિ જ કરવી પડશે. રાજકારણ હોય, સમાજકારણ હોય, ધર્મકારણ હોય કે શિક્ષણકારણ હોય. તમામ ક્ષેત્રોમાં મૂલ્યો માટે આખરી જંગ ખેલવો પડશે. લડાઈ લાંબી છે, પણ એકદમ જરૂરી છે...''

''હા સ્તો, જરૂરી નહિ, તાતી જરૂરી છે. વિચારોનું વાવાઝોડુ પ્રસરાવીએ. વિચારોને લાગણીમાં પરિવર્તિત કરીએ. અને લાગણીને માંગણીમાં અવાજને બનાવી બૂલંદ અવાજ બનાવીએ. ક્રાંતિની મશાલ પ્રગટાવવાની નોબત વાગી ચૂકી છે. ખરૂને...''

''હા સાહેબ, હા...''

## પંચાયતના પ્રાંગણમાં દોડની રમત જોઈ કાર્યકરો હરખાયા...

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની બિનહરીફ નિયુક્તીની વિધિવત્ જાહેરાત બાદ સંપન્ન થયેલી સામાન્ય સભા બાદ ગુલાલ ઉડાડતા સભ્યોથી બચવા બાંધકામ સમિતિના ચેરમેન અમૃત બા ઠાકોરના પતિ ગણપતસિંહ ઠાકોરે દોડ લગાવી હતી તો તેમને રંગવા માટે આરોગ્ય સમિતિના ચેરમેન આશા બા રાઠોડના પતિ કાળુસિંહ રાઠોડ અને કુડાસણના સભ્ય બેચરજી ઠાકોરે દોડ લગાવી હતી.

થોડીક દોડ લગાવ્યા બાદ પંચાયત કચેરીના સંપ પાસે ગણપતસિંહ ઠાકોર અંતરાઈ જતાં સભ્યોએ માત્ર થોડોક ગુલાલ તેમના પર નાખી આનંદ લૂંટ્યો હતો.

જો કે આ મહિલા સદસ્યોના પતિદેવો અને સભ્યશ્રીની દોડ જોઈ કાર્યકરો પણ આનંદ-ઉત્સાહમાં આવી ગયા હતા. તેમણે ભવ્ય આશતબાજી કરી હતી.

## વિપક્ષના સભ્યો સામાન્ય સભામાં ગેરહાજર રહ્યા...

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ ખાસ સામાન્ય સભામાં વિપક્ષની સંપૂર્ણ ગેરહાજરી એ ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

વિપક્ષના સભ્યો સભા સંપન્ન થયા બાદ બપોરે પંચાયતની કચેરીમાં સમૂહમાં આવી નવા વરાયેલા પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ અને ઉપપ્રમુખ ભરતભાઈ પટેલને અભિનંદન આપ્યા હતા.

આ બાબતે વિપક્ષના નેતા જયેશભાઈ ચૌધરીને પૂછતાં તેમણે જણાવ્યુ હતુ કે અમને પક્ષ તરફથી કોઈ આદેશ અપાયો ન હતો પરંતુ અમે સમયસર પહોંચી શક્યા ન હતા અને સામાન્ય સભામાં ગેરહાજર રહેવાનો સામુહિક નિર્ણય કર્યો હતો. તેમણે નવા પ્રમુખનો શુભેચ્છા આપી જિલ્લાના સંતુલિત વિકાસ માટે રચનાત્મક સહયોગ તેમનો પક્ષ આપશે તેમ જણાવ્યુ હતુ.

## સાતમા મહિલા પ્રમુખની વરણીમાં સાત સભ્યો ગેરહાજર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાના અધ્યક્ષપદે મળેલ ખાસ સામાન્ય સભામાં ૭ સભ્યો ગેરહાજર રહ્યા હતા.

જે સભ્યો ગેરહાજર હતા તેમાં વિપક્ષ ભાજપના ૬ સભ્યો અને કોંગ્રેસના શમુબેન સોમાજી ઠાકોરનો સમાવેશ થાય છે.

આ સામાન્ય સભામાં અધિકારીઓની પણ ગેરહાજરી નોંધનીય જણાતી હતી. જો કે ચૂંટણીનો મુદ્દો હોવાથી અધિકારીઓની હાજરી ઓછી હોવાની વાતો સાંભળવા મળી હતી.

આ સામાન્ય સભામાં શરૂઆતમાં કોંગ્રેસના સભ્યોની પણ હાજરી ઓછી જણાઈ હતી પરંતુ નેતાઓએ જણાવ્યુ હતુ કે સભ્યો રસ્તામાં છે અને સભા શરૂ થતાં પૂર્વે આવી પહોંચશે. જો કે તેમના એક મહિલા સદસ્યા પહોંચી શક્યા ન હતા.

જિલ્લા પંચાયતના ૩૦ સભ્યોમાં ૨૪ કોંગ્રેસના છે અને ૬ વિપક્ષના સભ્યો છે.

## લોભ-લાલચ-પ્રલોભનો આપવા સાથે ભાજપે તંત્રનો બેફામ ગેરઉપયોગ કર્યો છે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં તાલુકા પંચાયતો પર કબ્જો જમાવવા ભાજપે લોભ-લાલચ-પ્રલોભનો અને વહીવટીતંત્રનો બેફામ દુરૂપયોગ કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

જો કે આ બધી પરિસ્થિતિમાં પણ કોંગ્રેસના સભ્યોએ મક્કમ મનોબળ દાખવી અને પક્ષને વિજયી બનાવવાના સંકલ્પ સાથે પક્ષના ઉમેદવારની તરફેણમાં મતદાન કર્યુ છે તેને બિરદાવ્યુ છે.

માણસા-દહેગામ તાલુકા પંચાયતના પરિણામો જાહેર નહિ કરવા અંગે તેમણે નારાજગી વ્યક્ત કરી છે. જો કે તેમણે જણાવ્યુ છે કે દહેગામમાં ૧૨ સભ્યોએ અને માણસામાં ૭ સભ્યોએ કોંગ્રેસની તરફેણમાં મતદાન કરી ભાજપને જડબાતોડ જવાબ આપ્યો છે.

## બે તાલુકા પંચાયતના પરિણામો જાહેર ન કરાયા

ગાંધીનગર જિલ્લાની બે તાલુકા પંચાયતોની ચૂંટણીના પરિણામો આજે જાહેર કરાયા નથી. દહેગામ અને માણસા તાલુકા પંચાયતમાં વિવાદી કાનૂની મુદ્દાઓને લઈ ચૂંટણીના પરિણામો જાહેર કરવાનું આજે ટાળવામાં આવ્યુ હતુ. રાજ્યની વડી અદાલતના ગઈકાલના મળેલા નિર્દેશો અને તેના અભ્યાસ બાદ કાર્યવાહી કરાશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે. જો કે કોંગ્રેસ પક્ષના નેતાઓએ તેમના ઉમેદવારોને વધુ મત મળ્યા હોવાથી વિજેતા જાહેર કરવા જોઈએ તેવી રજુઆતો કરી છે.

## ફી વધારાના વિરોધમાં હિલવુડ સ્કુલનુ વાલીમંડળ લડાયક મુડમાં

### ફી નિયમન સમિતિ સમક્ષ રજુઆત : ન્યાય નહીં મળે ત્યાં સુધી વધુ ફી નહી ભરવાનો નિર્ણય

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરની હીલવુડ સ્કુલના વાલીમંડળે ફી નિયમન સમિતિના ફી વધારા સામે ઉગ્ર વિરોધ વ્યકત કર્યો છે. એફ આર સી કક્ષાએથી શાળાની ફી વધારા અંગે મંજુરી આપવામાં આવતા વાલીમંડળે સખત વિરોધ વ્યક્ત કર્યો છે. આ મામલે ફી નિયમન સમિતિના ચેરમેનને પણ રજુઆત કરવામાં આવી છે.

હીલવુડ સ્કુલના વાલીમંડળે આ અંગે રજુઆતમાં જણાંવ્યા અનુસાર છેલ્લા ૧૦ વર્ષથી હિલવુડ સ્કુલ દ્વારા પ્રતિવર્ષ ૧૦ ટકા જેટલો ફી વધારો કરવામાં આવે છે. આમછતા સ્કુલ ચલાવવા માટે થતા ખર્ચ અને સામે વસુલાતી ફી સામે વાલીમંડળનો વિરોધ નથી. પરંતુ વધુ ફી પેટે ઉઘરાવવામાં આવતી રકમ સામે વિરોધ છે. જયારે હાલની સ્થિતિએ પણ નવા પ્રવેશને અનુલક્ષી સ્કુલ દ્વારા ૩૨ થી ૩૫ હજાર સુધીની રકમ એફ આર સી ની વગર મંજુરીએ ઉઘરાણાં કરવામાં આવે છે. બાળકોને શિક્ષણ આપવાની વાત પાછળ કોર્મશિયલ ધોરણે માત્ર નફો રળવાની નિતી શિક્ષણજગત માટે

● અનુસંધાન પાન-૭ પર

## શહેર પુનઃ આકરી ગરમીની ગિરફતમાં

### પારો ૪૧.૬ ડિગ્રી : વરસાદની આશ ઠગારી નિવડયા બાદ ગરમીનો પારો પણ ઉંચકાયો : નગરજનો ગરમીથી બેચેન

ગાંધીનગર તા ૨૦

શહેરમાં આકરા બફારા વચ્ચે ગરમીનો પારો ફરીએકવાર ઉંચકાયો છે. આજે ગરમીનો પારો બે ડી ગ્રી ઉંચો આવતા નગરજનો દિવસ દરમિયાન આકરો તાપ અનુભવ્યો છે. દિવસ દરમિયાન ગરમીનો પારો ૪૧.૬ ડી ગ્રી રહયો હતો. છેલ્લા એક સપ્તાહથી આકાશમાં ક્યારેક ઘેરાવો નાંખતા વાદળો વરસ્યા વિના જ વિખેરાઈ જતા વરસાદની આશ ઠગારી નિવડી હતી. આ દરમિયાન વધતા ઉકળવાટ વચ્ચે ગરમીનો પારો પણ ઉંચો આવતા નગરજનો ફરીએકવાર આકરા ઉનાળા જેવી ગરમી અનુભવી રહયા છે. ગાંધીનગરમાં વળતા ઉનાળે ગરમીનો મિજાજ ફરી એકવાર ઉગ્ર બન્યો છે. છેલ્લા એક સપ્તાહથી વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ વધતા નગરજનો અસહ્ય બફારો અનુભવી રહયા છે. સતત ભેજના પ્રમાણમાં પણ વધારો ઘટાડો જોવા મળી રહયો છે. બદલાત મોસમના મિજાજ વચ્ચે ગરમીથી ત્રસ્ત નગરજનો વરસાદની વાટ નિહાળી રહયા છે. પરંતુ છેલ્લા એક સપ્તાહથી મોસમનો મિજાજ વારંવાર બદલાય છે. ક્યારેક આકાશમાં વરસાદી વાદળો ઘેરાતા વરસાદની આશ પ્રબળ બને છે. વરસાદી વાયરો ફુંકાતા નગરજનોમાં હર્ષની લાગણી વ્યાપી છે. ત્રણ ચાર દિવસ પુર્વે શહેરમાં સાંજના સમયે વરસાદી ઝાપટુ વરસતા વાતાવરણમાં હળવી ઠંડક પ્રસરી હતી.પરંતુ વરસાદ હાઉકલી કરી અદ્રશ્ય થઈ જતા બીજા દિવસથી નગરજનો પરસેવે નીતરતી ગરમીથી તોબા પોકારી ગયા હતા. છેલ્લા બે ચાર દિવસથી ગરમીથી ત્રસ્ત નગરજનો પરેશાન છે. ત્યારે વરસાદી વાદળો દુર હટી જતા હજુ મેઘરાજા દુર હોવાનો અહેસાસ કરતા શહેરીજનો ગરમીથી અકળાયા છે. આજે ગરમીનો પારો ગઈકાલની સાપેક્ષમાં બે ડી ગ્રી ઉંચકાતા નગરજનો દિવસ દરમિયાન ગરમીથી આકુળ વ્યાકુળ બન્યા હતા.આકરા તાપના લીધે શહેરજનોએ ચામડીના દાહ આપતી ગરમી સાથે બાફ પણ અનુભવ્યો હતો જો કે લઘુત્તમ તાપમાન ૨૯.૨ ડી ગ્રી નોંધાયુ હતુ. વાતાવરણમા ભેજનુ પ્રમાણ સવારે ૬૫ ટકા એ સાંજે ૨૮ ટકા રહયુ હતુ.

## ઉદ્યાનોની જવાબદારી સંભાળતુ બાગાયત તંત્ર જ ઉજ્જડ હાલતમાં

### બગીચાઓમાં ફુલ પણ નહી અને માળી પણ... : ૧૭૫ જેટલા ઉદ્યાનોની જવાબદારી છતા બાગાયત તંત્ર પાસે મેનપાવર અને મશીનરીના નામે મીંડુ

ગાંધીનગર તા ૨૦

ગ્રીન સીટી તરીકે ઓળખાતા ગાંધીનગરમાં સેકટરો વચાળે સ્થિત બગીચાઓ વેરાન બન્યા છે. જો કે આ બગીચાઓની જાળવણીની જવાબદારી જેના શીરે છે તે બાગાયત તંત્ર જ ઉજ્જડ હાલતમાં છે. શહેરમાં મંત્રી નિવાસ સહીત અંદાજિત ૧૭૫ જેટલા ઉદ્યાનોની જાળવણીની જવાબદારી સંભાળતા બાગાયત તંત્ર પાસે મેન પાવર અને મશીનરીના નામે મીંડુ છે. એકમાત્ર બાગાયત અધિકારીપણ ચાર્જમાં છે. બગીચાઓની માવજત માટે માળી પણ નથી. હરિયાળીના અભાવ વચ્ચે દુવિધાઓથી ઘેરાયેલા સેકટરોના ઉદ્યાનોમાં રાત્રિના અંધારપટ્ટમાં દુષણો પણ પાંગરી રહયા છે.

ગાંધીનગરના ઉદ્યાનો જાળવણીના અભાવે ઉજ્જડ બન્યા છે. સેકટરોના બગીચાઓમાંથી હરિયાળી ગાયબ થઈ ગઈ છે. સેકટરોની ઓળખ સમાન બગીચાઓની સારસંભાળ લેવાની વ્યવસ્થા જ ખોરવાઈ ગઈ છે. બગીચાઓમાં રમતગમતના સાધનો સહીત માળખાગત સુવિધાઓના અભાવ વચ્ચે રાત્રિના સમયે દુષણો પાંગરી રહયા હોવાનો જનઆક્રોશ પણ પ્રબળ બન્યો છે. દાયકાઓ પુર્વે શહેરના ઉદ્યાનોની રોનક નિહાળવા માટે બહારગામથી મુલાકાતીઓ આવતા હતા. જયારે હાલ શહેરના ઉદ્યાનો કંગાળ

● અનુસંધાન પાન-૭ પર

અગત્યની જાહેરાત
ડૉ. કિરીટ એસ. પટેલ હવેથી નવા સરનામે મળશે
તા. ૨૩/૦૬/૨૦૧૮ થી ડૉ. કિરીટ એસ.પટેલ (M.B.B.S) તેમના વર્ષો જુના સેક્ટર-૨૪માં આવેલા દવાખાને હવે મળશે નહિ. તેઓ હવેથી માત્ર નવા સરનામે જ મળશે
નવુ સરનામું : ડૉ. કિરીટ એસ.પટેલ
૨૦૫, આનંદનગર, ગ-૬ ચાર રસ્તા પાસે, સેક્ટર-૨૭, ગાંધીનગર
ટે.નં. ૦૭૯-૨૩૨૮૯૨૮૯, ૦૭૯-૨૩૨૪૩૬૮૧ (મો: ૯૮૨૫૫૬૮૦૮૩)
સમય : સવારે ૯.૦૦ થી ૧.૦૦ અને સાંજે ૫.૦૦ થી ૮.૦૦ (સોમવારથી શુક્રવાર)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

PATANJALI®
Prakriti ka Aashirwad
પતંજલિમાં
ગાંધીનગર જિલ્લામાં
સેલ્સમેનની
તાત્કાલિક જરૂરિયાત છે
૧. ઓછામાં ઓછુ ૧૨ પાસ
૨. ૧૮ થી ૪૦ વર્ષની ઉંમર
૩. ૮૦૦૦થી ૧૫૦૦૦ની સેલેરીથી શરૂઆત
૪. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૨૨-૬-૨૦૧૮
સંપર્ક સૂત્ર
● ગાંધીનગર - શ્રી પ્રકાશ વણઝારા - મો. ૯૮૨૫૪૫૮૦૭૨
● માણસા - શ્રી વિષ્ણુભાઈ પટેલ - મો. ૯૪૨૬૩૫૧૪૯૮
● દહેગામ - શ્રી યોગેશ જણસારી - મો.૯૯૯૮૦૬૮૮૦૬
● કલોલ - શ્રી રોનક રાવળ - મો. ૯૭૧૨૧૩૫૦૧૩

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com